રજુ તારીખ– ૧૨/૦૨/૨૦૧૫
દાખલ તારીખ– ૧૨/૦૨/૨૦૧૫
ફેસલ તારીખ– ૧૮/૦૪/૨૦૨૫
અવધી– ૧૦વર્ષ– ૦૨ માસ– ૦૬દિન

**નેત્રંગ ના મહે.પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુકામ નેત્રંગ**

**નવો રે.દિ.મુ.નં.૫૩/૨૦૧૭**
**(જુનો રે.દિ.મુ.નં.૨૧/૨૦૧૫)**
**આંક–૧૦૬**

**વાદીઃ–** (૧) **દિશાબેન નરેશભાઈ ખુશાલભાઈ પ્રજાપતિની દીકરી.**
ઉ.વ.આ.પુખ્ત,ધંધો–અભ્યાસ.

(૨) **હેવીનકુમાર નરેશભાઈ પ્રજાપતિ.**
ઉ.વ.આ.પુખ્ત,ધંધો–અભ્યાસ.

**વાદી નં.૧,૨ ના કુલમુખત્યાર વિનોદભાઈ ચંદુભાઈ પ્રજાપતિ.**
તમામ રહે.કુંભાર ફળીયા,ડુંગરા,તા.કામરેજ,જી.સુરત.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઓઃ–**(૧) **ભીખીબેન ખુશાલભાઈ પરસોતમભાઈ પ્રજાપતિની વિધવા.**
રહે.સુથાર ફળીયા,ડુંગરા,તા.કામરેજ,જી.સુરત.

(૨) **ભરતભાઈ ખુશાલભાઈ પ્રજાપતિ.**
રહે.સુથાર ફળીયા,ડુંગરા,તા.કામરેજ,જી.સુરત.

**(૩) ગુજરનાર હાર્દિકસિંહ સુરેન્દ્રસિંહ વાંસદીઆના વારસદારો.**
**(૩/૧)પૌલોમી હાર્દિકકુમાર વાંસદીયા.**
**(૩/૨)સગીર જેનિશા હાર્દિકકુમાર વાંસદીયાના વાલી તથા માતા તથા ઈષ્ટમિત્ર પૌલોમી હાર્દિકકુમાર વાંસદીયા.**
તમામ રહે.નેત્રંગ,તા.નેત્રંગ,જી.ભરૂચ.
ડેડીયાપાડા,નેત્રંગ રોડ વિસ્તાર,નેત્રંગ–૨.

**બાબતઃ–દાવો રૂપિયા ૪,૯૫,૮૮૨/–નો આંક બાંધી જાહેરાત તથા વહેંચણ કરી કરાવી કબજો તથા જાથુના મનાઈ હુકમ મેળવવવા વિગેરે માટેનો.**

.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.

વાદી તરફે વિદ્વાન વકીલશ્રી જે.આર.જાદવ.

પ્રતિવાદી તરફે વિદ્વાન વકીલશ્રી ડી.પી.ખેર.

.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.

**–: જજમેન્ટ :–**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓના દાવાની પ્રતિવાદી નં.૧ દાદીમા(પિતાના માતા)તથા પ્રતિવાદી નં.૨ ના સગા કાકા થાય છે.વાદીઓની માતૃશ્રી ચેતનાબેનનું લગ્ન પ્રતિવાદી નં.૧ ના દિકરા તથા પ્રતિવાદી નં.૨ ના ભાઈ નરેશભાઈ સાથે થયેલા હતા અને તેઓના લગ્નજીવનથી તેઓ જન્મેલા છે.પરંતુ તેઓના પિતાશ્રી નરેશભાઈ અને માતૃશ્રી વચ્ચે મનમેળ રહેતો ના હોઈ તેઓ બન્ને વચ્ચે તા.૮/૯/૨૦૧૧ નારોજ લગ્ન વિચ્છેદ યાને છુટાછેડાનો કરાર કરી પતિ–પત્ની મટી ગયેલા અને વાદીઓને તેઓના માતૃશ્રી ચેતનાબેનને સુપ્રત કરેલા હતા અને તેઓએ અમો વાદીએ પૈકી નં.૨ નાને તા.૧૦/૯/૧૧ થી માસીક રૂા.૧ ૫૦૦/–આપવાનુ નકકી કરતા તા.૮/૯/૨૦૧૧ ની બાંહેધરી કરાર લખી આપી તે નોટરાઈઝ કરાવેલ છે.

વધુમાં વાદીઓએ દાવાઅરજીમાં જણાવેલ છે કે,વાદીઓ તથા પ્રતિવાદી નં.૧,૨ ના ખુશાલભાઈ પરસોતમ પ્રજાપતિના સીધી લીટીના વારસો છીએ. ખુશાલભાઈ પરસોતમને મોજે ગામ કેલ્વીકુવા તા.વાલીયા ગામે ખાતા નં.૨૫૧ થી નીચે જણાવેલી ખેતીની જમીનો તથા રહેણીલાયક મકાન અને તે તળેની જગ્યા પ્રાપ્ત થયેલી હતી જેની વિગત નીચે મુજબ છે.

(અ)

| બ્લોક સર્વે નંબર | હે.આરે.પ્રતિઆરે | આકાર રૂા.પૈસા. |
|---|---|---|
| ૫૪ | ૨–૧૮–૦૦ | ૪–૭૦ પૈસા |
| ૬૮ | ૧–૦૦–૦૦ | ૨–૩૫ પૈસા |

| | | |
|---|---|---|
| કુલ | ૩–૧૮–૦૦ | ૭–૦૫ પૈસા |

(બ) કેલ્વીકુવા તાલુકે નેત્રંગ જી.ભરૂચની ગ્રામ પંચાયત હદમાં આવેલ અનુક્રમ નંબર–૪૭ નુ મકાન અને તે તળેની જગ્યા.

વધુમાં વાદીઓએ દાવાઅરજીમાં જણાવેલ છે કે,ઉપર લખી મિલકતોના માલીક ખુશાલભાઈ પરસોતમભાઈ મરણ જતા તેઓના સીધી લીટીના વારસો તરીકે પ્રતિવાદી નં.૧,ર તથા તઓના પિતાશ્રી નરેશભાઈ માલીક બનેલા હતા.તે પછી તેઓના પિતાશ્રી નરેશભાઈનુ તા.૧૩/૦૬/ર૦૧૩ ના અવસાન થતા તેઓના સીધી લીટીના વારસો તરીકે નોંધ નં.૧૧૬૯ તા.૩/૧૦/ર૦૧૩ થી દાખલ થયેલો છે.તે સમયે તેઓ સગીર હતા અને તેઓના માતૃશ્રી વાલી ચેતનાબેન હયાત હોવા છતા પ્રતિવાદી નં.ર નાએ તેઓના વાલી તરીકે તેઓનુ નામ નોંધ નં.૧૧૭૭ તા.૧૦ /૩/ર૦૧૪ થી દાખલ કરાવી દીધેલ છે.વાલી થવા માટે તેઓએ કોઈ કાયદેસર કાર્યવાહી કરેલ નથી.ઉપર લખી જમીનો પૈકી બ્લોક નં.૬૮ ની ઉંચીપ્રતની ફળદ્રૂપ અને ઉપજાઉ છે.જયારે બ્લોક નં.પ૪ની હલકી પ્રતની અને ક્ષારયુકત છે.વાદીઓના માતૃશ્રી ચેતનાબેનને તેઓના પિતાશ્રીએ છુટાછેડા યાને ફારગતિ આપી ત્યાગ કરેલો અને તેઓનો કબજો પણ તેઓની માતૃશ્રીને સુપ્રત કરેલા.જેથી તેઓ વાદીઓ તેઓના માતૃશ્રી ચેતનાબેનના વાલીપણામાં તેઓના મામા વિનોદભાઈ ચંદુભાઈ સાથે રહેતા હતા અને તેઓનુ લાલન પાલન ભરણપોષણ તેમજ ભણતર વિગેરેનો તમામ ખર્ચ તેઓ કરતા હતા અને તેઓના કુદરતી વાલીમા ચેતનાબેન હયાત હોવા છતા પ્રતિવાદી નં.ર નાએ કોઈપણ જાતની કાર્યવાહી કર્યા વિના સગીરોના વાલી તરીકે તેઓનુ નામ દાખલ કરાવી દીધેલુ હતુ.

વધુમાં વાદીઓએ દાવાઅરજીમાં જણાવેલ છે કે,પ્રતિવાદી નં.૧,ર નાની બદદાનત પ્રથમથી જ તેઓનો કાયદેસરનો સરસનરસ હીસ્સો નષ્ટ કરવાના બદઈરાદે તેઓની કોઈપણ જાતની પુર્વ મંજુરી કે સંમતિ વિના તા.ર૫/૬/ર૦૧૪ નો કૌટુંબિક વહેંચણ કરાર કરી પેરા.૧ વાળી ખેતીની જમીનો પૈકી બ્લોક સ.નં.૬૮ ની જમીન પ્રતિવાદી નં.૧ નાએ અને બ્લોક નં.પ૪ ની જમીનો પ્રતિવાદી નં.ર એ દક્ષિણ

તરફની ૧–૦૯–૦૦ તથા ઉત્તર તરફની તેઓ વાદીઓને ૧–૦૯–૦૦ આપવાનુ દર્શાવી તે અંગે ગામે નોંધ નં.૧૧૯૯ ની જ દાખલ કરાવી દીધેલી છે.પ્રતિવાદી નં.૧,૨ નાએ કહેવાતો વહેંચણ કરાર કરી જમીનોમાં રેકર્ડ ઓફ રાઈટસમાં રેવન્યુ અધિકારીઓ સાથે મેળાપીપણું કરી દાવાવાળી ખેતીની જમીનો તથા રહેણાંકના ઘરમાં નામો દાખલ કરાવી દીધેલા છે અને કબજો પણ તેઓનો જ છે.માત્ર નામ પુરતા બ્લોક નં.૫૪ નો ઉત્તર તરફનો ૧–૦૯–૦૦ તેઓનો હીસ્સો દર્શાવેલ છે.ઉપજ પણ તેઓ જ મેળવતા આવેલા છે અને વાદીઓને આજદિન સુધી ખેતીની ઉપજમાંથી કોઈ ભાગ આપેલો નથી.વાદીની માતૃશ્રીએ છુટાછેડા લીધેલા.પછીથી બીજુ લગ્ન કરી લઈ તેણીના બીજા પતિશ્રી પ્રમેશ મગનભાઈ પટેલ સાથે ઝામ્બીઆ રહેવા ચાલી ગયેલી અને વાદી નં.૧ નાને પણ સાથે લઈ ગયેલી છે.પરંતુ વાદી નં.૧ ના હાલ તેઓની માતૃશ્રી ચેતનાબેન સાથે ભારત આવેલા છે અને અત્રે આવેલા છે તે સાથે જ તેઓના મામાશ્રી વિનોદભાઈ ચંદુભાઈ પ્રજાપતિ સાથે રહેતા આવેલા છે અને તે માટે તેઓની માતૃશ્રી પણ સંમત છે.

વધુમાં વાદીઓએ દાવાઅરજીમાં જણાવેલ છે કે,આ કામના પ્રતિવાદી નં.૧,૨ નાઓએ ઉપર જણાવ્યા મુજબ દગાયુકત કાર્યવાહી કરી તેઓના વાલી બની જઈ તેઓએ બ્લોક નં.૬૮ ની જમીન તથા બ્લોક સ.નં.૭૫૪ ની જમીન અંગે ગામે નોંધ નં.૧૧૯૯ તા.૮/૭/૧૪ ની દાખલ કરાવી દઈ તે તા.૨૯/૯/૨૦૧૪ નારોજ પ્રમાણીત કરાવી છીએ તે પછી ટુંકગાળામાં જ સદરહું જમીન ઘણી ઉંચી કિંમત મેળવી પ્રતિવાદી નં.૩ નાને તા.૩૦/૧૦/૧૪ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી દઈ તેઓના કબજે સુપ્રત કરી દીધી છે અને તે અંગે અમને લે.રે.કો.ક.૧૩૫ ડી ની નોટીસની બજવણી કર્યા કરાવ્યા વિના નોંધ નં.૧૨૦૪ તા.૩૦/૧૦/૨૦૧૪ ની દાખલ કરાવી દઈ તે તા.૩/૧૨/૨૦૧૪ નારોજ પ્રમાણિત પણ કરાવી દીધેલ છે. પ્રતિવાદીઓ બ્લોક સ.નં.૬૮ ની જમીન તથા રહેણીના ઘરની અને બ્લોક નં.૫૪ ની તફરકે કરવા માંગતાની અમને જાણ થતા અમોએ સંદેશ દૈનિક પેપરની ભરૂચ નર્મદા આવૃતિના પે.નં.૧૦ ઉપર જાહેર ચેતવણી પણ પ્રસિધ્ધ કરાવેલી.જેનો પ્રતિવાદી નં.૩ નાએ બદદાનત ભર્યો અને ઉડાઉ જવાબ આપેલ છે.

વધુમાં વાદીઓએ દાવાઅરજીમાં જણાવેલ છે કે,દાવાવાળી જમીનો કે રહેણીના ઘર અંગેની કયારેય કોઈ કાયદેસર વહેંચણ થઈ કબજાની આપ લે થયેલી નથી.વાદીઓ સગીર અવસ્થામાં તેઓના મામાશ્રી વિનોદભાઈ ચંદુભાઈની સાથે જ તેઓના વાલીપણા હેઠળ રહીને અભ્યાસ કરતા આવેલા હતા અને છીએ અને સદરહુ પેરા.ર માં વર્ણવેલી મીલકતોનો અમારો ૧/૩ વણ વહેંચાયેલો હીસ્સો આજે પણ ચાલી આવે છે.પ્રતિવાદીઓની ઉપરોકત દગાયુકત કાર્યવાહીની અમને જાણ થઈ તે પછી હાલ થોડા સમય પર જ અમોએ તમામ રેકર્ડની નકલો મેળવી તે પછી પ્રતિવાદીઓનો સંપર્ક કરી તેઓએ કરેલી કાર્યવાહી ગેરકાયદેસરની હોઈ દાવાવાળી મીલકતોની સરસ નરસ વહેંચણ કરી તેમાંથી અમારો ૧/૩ હીસ્સો છુટો પાડી કબજો સુપ્રત કરવા અનેકવાર કહયુ કહેવડાવ્યુ છતા તેઓ તે ગલ્લા તલ્લા કરી ઉડાઉ જવાબો આપે છે અને અમારા હકકનો ઈન્કાર કરે છે.વધુમાં ગઈ કાલે પ્રતિવાદી નં.૩ નાને મળી તેઓએ કરેલ રજી.વેચાણ દસ્તાવેજ કાયદાની જોગવાઈઓ અને હીંદુ વારસાઈ ધારાની વિરૂધ્ધનો છે.જેમાં અમારુ ૧/૩ હીસ્સો છે અને જે રીતેની કાર્યવાહી કરી છે તે ખોટી છે તેમ જણાવતા તેઓ તેઓના વાલી અને તેઓ પર ઉશ્કેરાઈ જઈ તેઓ આ જમીન ઘણી ઉંચી કિંમતે તાકીદે વેચી દઈ કબજો સુપ્રત કરી દેશે.તમારાથી થાય તે કરી લેજો કોર્ટો ખુલ્લી છે. જેથી દાવાવાળી પેરા.ર માં વર્ણવેલી મીલકતો ના ૧/૩ હીસ્સાના અમો માલીક છીએ.તા.૩૦/૧૦/૧૪ નો તેવી જાહેરાત મેળવવા તેમજ તા.૩૦/૧૦/ર૦૧૪ ના દસ્તાવેજ નીરર્થક અને રદબાતલ છે તેવુ ઠરાવવા અને સરસ નરસ વહેંચણ કરાવી તેના પ્રત્યક્ષ કબજો મેળવવા તેમજ જાથુનો કાયમી મનાઈ હુકમ મેળવવા માટેનો હાલનો આ દાવો કરેલ હોવાનું જણાવી તેઓની દાવાઅરજીના પેરા-૧૪ માં નીચે જણાવ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

(૧)દાવાવાળી પેરા.૧ માં વર્ણવેલી મીલકતો સંયુકત એકત્ર કુટુંબની વહવહેચાયેલી છે અને વહેંચણ અંગેની થયેલી તમામ કાર્યવાહી ગેરકાયદે છે અને અમો તેના ૧/૩ હીસ્સાના કાયદેસર માલીક છીએ.તેવી જાહેરાત આપવા અને તે અંગેનો પ્રતિવાદીઓએ કરેલ તા.૩૦/૧૦/ર૦૧૪ નો રજીસ્ટર્ડ

વેચાણ દસ્તાવેજ નિરર્થક અને રદબાતલ છે તેવુ ઠરાવવાનુ પ્રતિવાદીઓ વિરૂધ્ધ અમો વાદીઓની તરફેણમાં હુકમનામુ કરી આપવા મહે.કરશોજી.

(૨)દાવાવાળી પેરા.ર.વાળી મીલકતોની સરસ નરસ વહેંચણ કરી કરાવી તેમાંથી અમારો ૧/૩ હીસ્સો અલગ કરી તેનો પ્રત્યક્ષ કબજો સુપ્રત કરાવવાનુ હુકમનામું કરી આપવા મહે.કરશોજી.

(૩)દાવાવાળી મીલકતોનો કબજો મળતા સુધીની દરમ્યાન ઉપજ અપાવવાનો હુકમ કરવા મહે.કરશોજી.

(૪)દાવાવાળી પેરા.ર માં વર્ણવેલી મીલકતો પ્રતિવાદીઓ કોઈને કોઈપણ પ્રકારે વેચે,સાટે,ગીરોબક્ષીશ કે અન્ય રીતે તફરકે કરે કરાવે નહી તેવો તેમની વિરૂધ્ધ જાથુનો મનાઈ હુકમ આપવા મહે. કરશોજી.

(૫)આ દાવાનો તમામ ખર્ચ અપાવશોજી.

(૬)નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી બીજી ન્યાયની દાદ અપાવવા માંગણી કરેલી છે.

(૨) હાલનો વાદીનો દાવો દાખલ થતા પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ/નોટીસ કરતા પ્રતિવાદીઓને તે બજી જતાં, પ્રતિવાદીઓ તેમના વિદ્વાન વકીલશ્રી મારફતે હાજર થઈ, આંક–૧૧ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી નો લેખિત જવાબ રજૂ રાખેલ છે. જેમાં તેઓએ વાદીના દાવામાં જણાવેલ હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરી એમ જણાવેલ છે કે,વાદીની દાવાઅરજી તથા મનાઈ અરજીની હકીકતો જોતા વાદી નં.૧,૨ ના ઈષ્ટમિત્ર તરીકે વિનોદભાઈ ચંદુભાઈ પ્રજાપતિનાઓ જણાવેલ છે.જેઓએ આ દાવાના કામે વાદી નં.૧,૨ ના વાલી તથા ઈષ્ટમિત્ર અંગેનુ કોઈ રેકર્ડ કે સક્ષમ અદાલતનો હુકમ રજુ કરેલ નથી તથા હીંદુ સકસેશન એકટ જોતા મામા સીધી લીટીના વારસદારોના કોલમમાં આવતા નથી.જેથી તેઓએ યોગ્ય અધિકાર વાળી કોર્ટમાં જઈને હુકમ મેળવ્યા વગર હાલનો દાવો કરેલ છે જે ચાલવા પાત્ર નથી અને પ્ર થમ તબકકે જ રદ થવાને પાત્ર છે.વાદીની દાવાઅરજી તથા મનાઈ અરજીમાંની હકીકતો ખોટી તથા ગળેપડુ હોવાથી તે અમોને કબુલ નથી.વાદીની દાવાઅરજી તથા

મનાઈ અરજીમાંની સ્પષ્ટપણે કબુલ રાખ્યા સિવાયની તમામ હકીકતોનો અમો ઈન્કાર કરીએ છીએ અને તેવી હકીકતો વાદીએ નિ:શંકપણે સાબીત કરવી જોઈએ.વાદીની દાવાઅરજી તથા મનાઈ અરજીમાંના પેરા.૧ ની હકીકતો બાબતે જણાવવાનુ કે,સંબંધો અંગે ખાસ તકરાર નથી તેમજ છુટાછેડાના કરાર કરેલાની હકીકતો બાબતે પણ તકરાર નથી પરંતુ છુટાછેડાના કરારમાં વાદી નં.૧,૨ ના માતૃશ્રીએ મરહુમ નરેશભાઈની સ્થાવર તથા જંગમ મીલકતો પરથી હકક કાયમને માટે જતો કરેલ છે તથા તેઓએ બાળકોનો પણ મીલકતોમાં હકક હોવાની કોઈ હકીકત જણાવેલી નથી તથા છુટાછેડાનો કરાર કરેલો તે જ દીવસે સગીર વાદી નં.૨ ને માસીક રૂા.૧ ૫૦૦/–સગીરમાંથી પુખ્ત ઉંમરનો થાય ત્યાં સુધી ભરણપોષણના ચુકવવાના છે તથા દીશાબેન વાદી નં.૧ નુ ચેતનાબેને આજીવન ભરણપોષણ કરવાનુ નકકી કરવામાં આવેલુ.તા.૮–૯–૧૧ ના બંને કરારો જોતા વાદીઓને જંગમ કે સ્થાવર મીલકત બાબતે કોઈ હકક કરારમાં આપેલ નથી તથા વાદી નં.૨ ને માસીક રૂા.૧ ૫૦૦/–નરેશભાઈએ યાને કે વાદી નં.૨ ના પિતા જેઓ તા.૩–૬–૧૩ નારોજ મરણ ગયેલ છે તેમછતા પણ અમો પ્રતિવાદી નં.૨ ના તેઓને ભરણપોષણની રકમ આપતા આવેલ છે તથા પ્રસંગોમાં તથા તહેવારોમાં પણ વાદી નં.૧,૨ તે તેઓની જરૂરીયાત પુરી કરતા આવેલા છીએ.પરંતુ વાદી નં.૧,૨ ની માતાએ બીજુ લગ્ન કરી લીધેલ હોવાથી પ્રતિવાદી નં.૧,૨ નાએ વાદી નં.૧,૨ ને વારંવાર લેવા માટે ગયેલા તેમછતાં વાદીના મામાએ મળવા દીધેલા નહી કે મોકલેલા નહી અને સગીર બંને વાદીઓ પ્રતિવાદી નં.૧ ના દીકરાના બાળકો છે.જેથી પ્રતિવાદી નં.૧ ને તેઓ તરફે લાગણી છે અને અમારો અધિકાર છે તેમછતા પણ સગીર વાદીઓને સોપેલ નથી અને સ્થાવર મીલકતો પર તેના મામાની બદદાનત થયેલી છે અને સગીર વાદીઓના ઓથા હેઠળ જમીનો પચાવી પાડવાનુ આ એકમાત્ર કાવતરૂ કરેલ છે.વાદીની દાવા તથા મનાઈ અરજીના પેરા.૨ ની હકીકતો બાબતે જણાવવાનુ કે મીલકતો બાબતે કોઈ તકરાર નથી પરંતુ કેલવી કુવા મુકામે આવેલ રહેણાંકનુ મકાન જે પ્રતિવાદી નં.૧ ની માલીકીનુ છે અને અમારી હયાતી સુધી તે અમો પ્રતિવાદી નં.૧ નુ છે તથા પ્રતિવાદી નં.૧ વૃધ્ધ ઉંમરના છીએ તથા બીમારીથી પીડાતા હોય સારવાર માટે ખર્ચ થતા દેવુ વધુ ગયેલ

હોય તેમજ ખેતીની આવક પર આધારીત હોવાથી મજબુરીથી પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.ર તથા વાદી નં.૧,ર ના હીતમાં તકરારી મીલકતોના ત્રણ ભાગ પાડેલા જેમા અમો પ્રતિવાદી નં.૧ નાએ બ્લોક નં.૬૮ વાળી જમીન બે હેકટર અઢાર ગુંઠા હતી તે જમીનમાં બે ભાગ પાડેલા અને એક હેકટર અને નવ ગુન્ઠા જમીન વાદી નં.૧,ર ને આપેલી અને બાકીની જમીન એક હેકટર નવ ગુન્ઠા જમીન પ્રતિવાદી નં.ર ને આપેલી.અને તે મુજબ અમારી જમીનની વહેંચણ કરારના આધારે તા.૮-૭-૧૪ નારોજ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૧૧૯૯ ની પાડવામાં આવેલ છે અને જે તા.ર૯-૯-૧૪ નારોજ પ્રમાણીત કરવામાં આવેલ છે તેમજ મરહુમ નરેશભાઈ મરણ જતા તા.૩-૧૦-૧૩ નારોજ ગામ નમુના નં.૬ માં નોંધ નંબર-૧૧ ૬૯ ની પાડેલી જે તા.ર-૧-૧૪ નારોજ પ્રમાણીત થયેલી છે અને જેમાં સગીરના વાલી તથા ઈષ્ટમિત્ર તરીકે પ્રતિવાદી નં.ર નુ નામ દાખલ કરવામાં આવેલ છે અને હાલમાં પણ અમારુ નામ બ્લોક નં.પ૪ વાળી મીલકતમાં ચાલી આવેલ છે. પ્રતિવાદી નં.૧ નાએ અમારા હીસ્સામાં નવ-નવ ગુન્ઠા જમીન મારા બન્ને દીકરાઓને વધુ આપેલ છે.જયારે અમોએ ફકત એક હેકટર જમીન અમારી પાસે રાખેલ છે અને પ્રતિવાદી નં.૧ નાને માંદગીના કારણે દેવુ થઈ જવાથી બ્લોક નં.૬૮ વાળી જમીન પ્રતિવાદી નં.૩ ને વેચી દેવી પડેલ છે અને જેમાથી દેવુ ચુકવ્યા પછી બચેલી રકમમાંથી હુ મારુ ભરણપોષણ કરૂ છુ.પ્રતિવાદી નં.૧ નાએ મારા કાયદેસરના હીસ્સાની જમીન જ પ્રતિવાદી નં.૩ ને વેચાણ કરેલ છે જેમાં વાદીઓને કોઈ હકક હીત કે લાગભાગ નથી.વાદીની દાવાઅરજી તથા મનાઈ અરજીના પેરા.૩ ની હકીકતો બાબતે જણાવવાનુ કે,નરેશભાઈનુ અવસાન થયા બાબતે કોઈ તકરાર નથી પરંતુ વાદી નં.૧,ર ની જે તકરાર તેમના માતા ચેતનાબેનનુ નામ સગીરના વાલી તરીકે જોડવાની હકીકતો બાબતે જણાવવાનુ કે,ચેતનાબેને બીજુ લગ્ન કરી લીધેલ હોવાથી તથા તેઓએ મરહુમ નરેશભાઈની તમામ મીલકતોમાંથી કાયમને માટે હકક જતો કરેલ હોય અને તેઓ મરહુમના વિધવા તરીકે રહેતા નથી જેથી મરહુમના ભાઈ શ્રી યાને કે અમો પ્રતિવાદી નં.ર,સગીરના વાલી તથા ઈષ્ટમિત્ર તરીકે કાયદેસર હોવાથી તે મુજબની સરકારી એન્ટ્રી પાડવામાં આવેલ છે અને પ્રતિવાદી નં.ર મરહુમના સગા ભાઈ

થઈએ છીએ અને સગીરના પિતા હયાત નહી હોય અને માતાએ બીજુ લગ્ન કરી લીધેલ હોય અને સગીરના દાદા હયાત ન હોય તે સમયે સગીરના વાલી બનવા માટે સગીરના કાકા કાયદેસર રીતે હકકદાર છે અને તે રીતે સગીર વાદીઓના વાલી તરીકે પ્રતિવાદી નં.ર ની સરકારી નોંધ કાયદેસર રીતે પાડવામાં આવેલી છે.વાદીની દાવા તથા મનાઈ અરજીના પેરા.૪ ની હકીકતો બાબતે જણાવવાનુ કે,સદર પેરાની હકીકતો ખોટી છે.પ્રતિવાદી નં.૧ ના વૃધ્ધ ઉંમરના હોવાથી તથા બ્લોક નં.૬૮ વાળી જમીન બીન પીયત હોવાથી તથા સદર જમીન પર જવા આવવા માટે કાયદેસર સરકારી રસ્તો નહી હોવાથી તથા ઉપજ પણ સારી નહી હોવાથી અને અમારી બીમારીને કારણે દેવુ ભરપાઈ કરવા માટે સદર જમીન મજબુરીથી પ્રતિવાદી નં.૩ ની ખેતીની જમીન અમારી જમીનની લાગુમાં હોવાથી તેઓને સદર અમારી જમીન નજીવી કીંમતે વેચાણ કરેલ છે.જયારે બીજી જમીનો સારી પ્રતની અને એક જ જથ્થામાં હોવાથી અને તેની ઉપજ સારી હોવાથી તથા પ્રતિવાદી નં.ર ને સગીરોના હીત ખાતર વહીવટ કરવામાં સરળતા રહે તે હેતુથી સારી જમીન પ્રતિવાદી નં.ર તથા વાદી નં.૧,ર ના હીસ્સામાં રાખેલી છે અને જેના કારણે પ્રતિવાદી નં.ર ના વાદી નં.ર ને માસીક રૂા.૧૫૦૦/-દરમાસે મોકલીએ છીએ અને વાદી નં.૧,ર ના પુખ્ત થયેથી તેમના હીસ્સાની જમીન કાયદેસર મેળવવા હકકદાર થશે તથા પેરા.૫ ની હકીકતો બાબતે જણાવવાનુ કે,પ્રતિવાદી નં.ર ના ભાઈ મરણ જવા છતા પ્રતિવાદી વાદી નં.ર ને માસીક રૂા.૧૫૦૦/-મોકલતા આવેલા છે તેમજ દીવાળી તથા મકરસંક્રાતિ તથા બીજા તહેવારોમાં પ્રતિવાદી નં.ર અમારા મરહુમ ભાઈના બાળકોને ભુલેલ નથી અને તેઓને તેમની જરૂરીયાત પુરી પાડતા આવેલા છીએ અને ચેતનાબેને બીજુ લગ્ન કરી લીધેલ હોવાથી તેઓ મરહુમ નરેશભાઈના વિધવા તરીકે રહેલ નથી અને જેથી તેઓનુ નામ સગીર વાદીઓના વાલી તરીકે રહી શકે નહી.પેરા.૬ ની હકીકતો ખોટી હોવાથી કબુલ નથી.પ્રતિવાદી નં.૧,ર નાએ કાયદેસરની કાર્યવાહી કરી પ્રતિવાદી નં.૧ ના મરહુમ દીકરાના બાળકોનુ ધ્યાન રાખી તેઓના હીતમાં અમોએ અમારી મીલકતોની વહેંચણી કરેલ છે અને સારી ફળદ્રુપ જમીન અમો પ્રતિવાદી નં.૧ નાએ મારા બંને દીકરાઓને આપેલ છે અને જે અંગેની કાયદેસરની કાર્યવાહી કરેલ છે.પેરા.૭ ની

હકીકતો ખોટી હોવાથી કબુલ નથી.પ્રતિવાદીઓએ કોઈ મેળાપીપણુ કરેલ નથી કે કોઈ ખોટી કાર્યવાહી કરી નથી.અમોએ કાયદેસર રીતે વાદીઓને તેમનો હીસ્સો તેમના નામે સરકારી રેકર્ડમાં કરાવી આપેલ છે અને જે ઉપજની હકીકત બાબતે જણાવવાનુ કે,અમો પ્રતિવાદી નં.ર વાર્ષિક રૂા.૧૮,૦૦૦/-વાદી નં.ર ને આપતા આવેલા છીએ અને તહેવારોમાં રૂા.૧૦,૦૦૦/- જેટલી રકમ આપતા આવેલા છીએ અને જો વાદીઓ અમો પ્રતિવાદી ઓ નં.૧,ર જોડે આવીને રહે તો અમો રાખવા રાજી છીએ અને જો તેઓની મરજી ખેતીમાંથી તેમની જમીનમાંથી ઉપજ લ ેવાની હોય તો અમો પ્રતિવાદી નં.ર ના તેઓને મદદ કરવા તૈયાર છીએ.છેલ્લા ત્રણ વર્ષથી વાદીઓની જમીન બીન ખેડેલ હાલતમાં પડેલ છે.જેથી વચગાળાની ઉપજનો સવાલ ઉપસ્થીત થતો નથી.પેરા.૮ ની હકીકતો ખોટી હોવાથી કબુલ નથી. જો વાદી નં.ર ના ઝાંબીયા વિદેશ રહેતા હોય અને હાલ સુધી ભારત આવેલ નથી અને વાદી નં.ર ના ભરણપોષણની રકમ અમો  પ્રતિવાદી નં.ર ના ચુકવતા આવેલ હોય તો વિનોદભાઈ ચંદુભાઈ પ્રજાપતિ નાઓએ સગીર વાદીઓના હીતમાં શું કરેલ છે? તેમજ વાદીઓના માતા સંમત છે.કઈ બાબત વિશે તેની કોઈ સ્પષ્ટતા કરેલ નથી.વાદીની દાવા તથા મનાઈ અરજીના પેરા.૯ ની હકીકતો ખોટી હોવાથી તે કબુલ નથી.વાદીએ તેમની દાવા તથા મનાઈ અરજીમાં જણાવેલ દગાયુકત કાર્યવાહી અમોએ કરી છે પરંતુ તેને લગતુ કોઈ રેકર્ડ રજુ કરેલ નથી તથા અમો પ્રતિવાદી ઓએ કરેલ જમીન હસ્તાંતરની કાર્યવાહી કાયદેસર રીતે કરેલ છે અને તેની સરકારી નોંધો પણ કાયદેસર રીતે પાડવામાં આવેલી છે તેમજ પ્રતિવાદી એ દસ્તાવેજ કરી આ પ્યા બાદ જમીનની કિંમત ઉંચી થયા અંગેની હકીકતો ખોટી છે કારણ કે દસ્તાવેજ ૨૦૧૪ નો છે અને તેને વધુ સમય પસાર થયેલ નથી.જેથી કિંમત વધી જવાના સવાલો ઉભા થતા નથી તેમજ બ્લોક નં.૬૮ વાળી જમીનનું કાયદેસરનુ વેચાણ થઈ ગયેલ હોવાથી તેમજ બ્લોક નં.પ૪ ની કાયદેસર વહેંચણ થઈ ગયેલ હોવાથી મીલકત રફેદફે કરવાના કોઈ સવાલો ઉભા થતા નથી તેમજ વાદી તરફે દૈનિક સમાચાર પત્રમાં જાહેરાત આપવામાં આવેલી તેનો વાદીઓને વકીલ મારફતે જાહેર જવાબ આપવામાં આવેલ છે.વાદીની દાવા તથા મનાઈ અરજીના પેરા.૧૦ ની હકીકતો

બાબતે જણાવવાનુ કે,વાદી નં.૨ ના એકલા જ વિનોદભાઈ ચંદુભાઈ સાથે રહે છે પરંતુ વાદી નં.૧ ને માસીક રૂા.૧૫૦૦/–અમો પ્રતિવાદી નં.૨ ના દર માસે મોકલતા આવેલા છીએ તેમજ વાદી નં.૧,૨ નો ૧/૩ હીસ્સો કાયદેસર રીતે પાડીને વાદી નં.૧ ,૨ ના નામે દીશા સહીત દાખલ કરવામાં આવેલ છે તેમજ વાદીના જણાવ્યા મુજબ સદર પેરાની હકીકતો ખોટી છે.અમો પ્રતિવાદી ઓએ વાદીઓનુ હીત વિચારીને વાદીઓના હીસ્સાની જમીન જે કાયદેસર રીતે ૧/૩ હીસ્સો થાય છે તે મુજબ સારી જમીન તેઓને મળે તે હેતુથી તેમના હીસ્સામાં દાખલ કરાવેલ છે તેમજ હીસ્સો નહી આપવાની હકીકતો ખોટી જણાવેલ છે.અમો પ્રતિવાદી ઓએ કાયદાનો કોઈ ભંગ કરેલ નથી.અમો પ્રતિવાદી નં.૧ નાએ અમારા હીસ્સાની જમીન અમારી જરૂરીયાત માટે વેચાણ કરેલ છે જેથી અમોએ કોઈ ખોટી કાર્યવાહી કરેલ નથી તેમ જણાવી વાદીને દાવો કરવાનુ કોઈ કારણ ઉત્પન્ન થતુ ન હોઈ,વાદીની દાવાઅરજી તથા મનાઈ અરજીમાં માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર ન હોઈ વાદીનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલી છે.

(૩) વાદી તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**(અ) વાદીપક્ષનો મૌખિક પુરાવોઃ–**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૭૭ | વાદી તર્ફે સાહેદ મનસુખભાઈ શંકરભાઈ વસાવાની જુબાની |

**(બ) વાદીપક્ષનો દસ્તાવેજી પુરાવોઃ–**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૧૯ | વાદી તર્ફે સાહેદ વિનોદભાઈ ચંદુભાઈ પ્રજાપતિ નું સરતપાસનુ સોગંદનામું. |
| (૨) | આંક–૨૫ | વાદી નં.૧ દિશાબેન નરેશભાઈના જન્મ પ્રમાણપત્રની નકલ |
| (૩) | આંક–૨૬ | વાદી નં.૨ હેવીન નરેશભાઈના જન્મ પ્રમાણપત્રની ખરીનકલ |
| (૪) | આંક–૨૭ | વાદીઓની માતૃશ્રી ચેતનાબેન અને પિતા નરેશભાઈ વચ્ચે થયેલ લગ્ન વિચ્છેદ યાને છુટાછેડા |
| (૫) | આંક–૨૮ | નરેશભાઈ ખુશાલભાઈએ લખી આપેલ બાંહેધરી કરાર |
| (૬) | આંક–૨૯ | દાવાવાળી મોજે કેલવીકુવા,તા.નેત્રંગની જમીનોના ખાતા નં. ૨૫૧ ના ગામ નમુના નં.૮–અ નો ઉતારો. |
| (૭) | આંક–૩૦ | દાવાવાળી મોજે કેલવીકુવા,તા.નેત્રંગની બ્લોક/ સ.નં.૫૪ ના ગામ નમુના નં.૭ નો ઉતારો. |

| | | |
|---|---|---|
| (૮) | આંક–૩૧ | દાવાવાળી મોજે કેલવીકુવા,તા.નેત્રંગની બ્લોક/ સ.નં.૫૪ ના ગામ નમુના નં.૧૨ નો ઉતારો. |
| (૮) | આંક–૩૨ | દાવાવાળી મોજે કેલવીકુવા,તા.નેત્રંગની બ્લોક સ.નં.૬૮ના ગામના નમુના નં.૭ નો ઉતારો. |
| (૯) | આંક–૩૩ | દાવાવાળી મોજે કેલવીકુવા,તા.નેત્રંગની બ્લોક સ.નં.૬૮ના ગામના નમુના નં.૧૨ નો ઉતારો. |
| (૧૦) | આંક–૩૪ | દાવાવાળી મોજે કેલવીકુવા,તા.નેત્રંગની બ્લોક સ.નં.૨૫૪ નો ગામના નમુના નં.૮–અ નો ઉતારો. |
| (૧૧) | આંક–૩૫ | મોજે કેલવીકુવા ગ્રામ પંચાયત પ્રો.નં.૪૭ ની આકારણીપત્રક ની ખરી નકલ |
| (૧૨) | આંક–૩૬ | કેલ્વીકુવા ગામના નં.૬ ના હકકપત્રકે દાખલ થયેલી નોંધ નં.૧૧૬૯ ની ખરી નકલ |
| (૧૩) | આંક–૩૭ | કેલ્વીકુવા ગામના નં.૬ ના હકકપત્રકે દાખલ થયેલી નોંધ નં.૧૧૭૭ ની ખરી નકલ |
| (૧૪) | આંક–૩૮ | કેલ્વીકુવા ગામના નં.૬ ના હકકપત્રકે દાખલ થયેલી નોંધ નં.૧૧૯૯ ની ખરી નકલ |
| (૧૫) | આંક–૩૯ | પ્રતિવાદી નં.૧,૨ નાઓએ બ્લોક નં.૬૮ ની જમીન પ્રતિવાદી નં.૨ ને વેચી દીધાના રજી.વેચાણ દસ્તાવેજની ખરી નકલ |
| (૧૬) | આંક–૪૦ | કેલ્વીકુવા ગામના નં.૬ ના હકકપત્રકે દાખલ થયેલી નોંધ નં.૧૨૦૪ ની ખરી નકલ |
| (૧૭) | આંક–૪૧ | વાદીઓએ સંદેશ દૈનિક પેપર તા.૨/૧૨/૧૪ ના પ્રસિધ્ધ કરાવેલ જાહેર ચેતવણી. |
| (૧૮) | આંક–૪૨ | પ્રતિવાદી નં.૩ નાએ તા.૨/૧૨/૧૪ ની જાહેર ચેતવણીનો આપેલ જવાબ. |
| (૧૯) | આંક–૪૩ | ચેતનાબેન પ્રમેશભાઈ પટેલનુ સોગંદનામું |
| (૨૦) | આંક–૪૪ | નરેશભાઈ ખુશાલભાઈના મરણ નું પ્રમાણ પત્ર. |
| (૨૧) | આંક–૫૯ | વાદી નં.૧,૨ ના સગા માતૃશ્રીના પાસપોર્ટની સર્ટીફાઈડ કોપી |

**(અ) પ્રતિવાદીપક્ષનો મૌખિક પુરાવોઃ–**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૮૨ | પ્રતિવાદી નં.૨ ભરતભાઈ ખુશાલભાઈ પ્રજાપતિની જુબાની. |

**(બ) પ્રતિવાદીપક્ષનો દસ્તાવેજી પુરાવોઃ–**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૮૩ | દિશાબેનના જન્મનુ પ્રમાણ પત્ર |
| (૨) | આંક–૮૪ | હેવિનના જન્મનુ પ્રમાણ પત્ર |
| (૩) | આંક–૮૫ | પી.આઈ.શ્રી કામરેજને લખેલ પત્ર |
| (૪) | આંક–૮૬ | બાંહેધરી કરાર. |

વાદી તરફે આંક–૭૮ થી પુરસીસ ધ્વારા પુરાવો બંધ થયાનુ જાહેર કરવામાં આવેલ છે. પ્રતિવાદી દ્બારા આંક–૮૮ થી પુરાવો બંધ થયા અંગે પુરસીસ રજુ રાખવામાં આવેલ છે.

વાદી તરફે આંક–૯૦ તથા આંક–૧૦૪ થી રજુ કરવામાં આવેલ લેખિત દલીલો વંચાણે લીધી તથા પ્રતિવાદી તરફે મૌખિક દલીલો સાંભળવામાં આવી.

(૪) દાવાની નિર્ણય માટે મારા પુરોગામી વિદ્બાન ન્યાયાધિશ સાહેબશ્રી દ્બારા આંક–૧૭ થી નીચે મુજબના મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે.

૧. Whether the palsintiff proves that they are the joint owner of the suit properties?

૨. Whether the palsintiff proves that they are entitled to the 1/3 share in the suit properties?

૩. Whether the defendants proves that suit is not maintainable ?

૪. Whether the palsintiff is entitled to the relief prayed for?

૫. What order and decree?

(૫) ઉપરોક્ત મુદ્દાના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) નકારમાં.

(૪) અંશત:હકારમાં.

(૫) આખરી હુકમ મુજબ

ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છેઃ–

-: **કારણો** :-

**મુદ્દા નં.૧** –

(૬) હાલનો દાવો સગીર વાદી નં.૧ દિશાબેન તથા વાદી નં.ર સગીર હેવિનકુમારના વાલી તથા ઈષ્ટમિત્ર તરીકે વિનોદભાઈ ચંદુભાઈ પ્રજાપતિ કે જેઓ સગીર વાદીઓના મામા થાય છે.તેઓએ દાખલ કરી મોજે કેલ્વીકુવા ગામની બ્લોક/સર્વે નંબર–પ૪ તથા ૬૮ વાળી જમીનો તથા કેલ્વીકુવા ગ્રામ પંચાયતની હદમાં આવેલ મકાન નં.૪૭ અને તે તળેની જગ્યાના સગીર વાદીઓ સંયુકત માલીક હોવાનુ જણાવી દાખલ કરેલ છે.સદર બાબતો વાદીના ઈષ્ટમિત્ર તથા વાલી ધ્વારા તેઓના આંક–૧૯ થી રજુ સરતપાસના સોગંદનામામાં સોગંદ ઉપર જણાવેલ છે તથા હાલના કામે સગીર વાદીઓના પિતા નરેશભાઈ ખુશાલભાઈ પ્રજાપતિ તા.૦૩/૦૬/૨૦૧૩ નારોજ અવસાન પામેલ હોય તે અંગે તેઓનો મરણનો દાખલો આંક–૪૪ થી હાલના કામે રજુ રાખેલ છે.વધુમાં વાદી ધ્વારા આંક–૩૬ થી ગામ નમુના નં.૬ હકક પત્રકના ઉતારાની નોંધ નંબર–૧૧૬૯ તા.૦૩/૧૦/૨૦૧૩ નારોજ પડેલ જે રજુ રાખેલ છે.જે વંચાણે લેતા નરેશભાઈ ખુશાલભાઈ એટલ ે કે વાદીઓના પિતાનુ અવસાન થતા તેઓના નામો સીધી લીટીના વારસદાર તરીકે દાવાવાળી જમીનમાં વારસાઈના આધારે દાખલ થયેલ હોવાનુ સ્પષ્ટ જણાય આવે છે.વધુમાં હાલના કામે પ્રતિવાદી ધ્વારા તેઓના આંક–૧૧ થી રજુ લેખિત જવાબમાં સંબંધો અંગે ખાસ તકરાર ન હોવાનુ જણાવી સગીર વાદીઓનો દાવાવાળી મીલકતમાં કોઈ હકક નથી તે અંગે કોઈ તકરાર ઉઠાવેલ નથી.વધુમાં હાલના કામે વાદી ધ્વારા રજુ મોજે કેલ્વીકુવા ગામના ખાતા નં.૨૫૧ ના ગામ નમુના નં.૮–અ નો ઉતારો કે જે આંક–૨૯ થી તથા આંક–૩૦ તથા ૩૧ થી રજુ કરેલ બ્લોક/સર્વે નં.૫૪ ના ગામ નમુના નં.૭ તથા ૧૨ વંચાણે લેતા પણ તેમાં વાદીઓનુ નામ સંયુકત માલીક તરીકે ચાલી રહેલ હોવાનુ સ્પષ્ટ જણાય આવે છે.પ્રતિવાદી ધ્વારા

વાદીઓ વાદગ્રસ્ત મીલકતના સંયુકત માલીક ન હોવા અંગે વિરૂઘ્ધની કોઈ બાબત રેકર્ડ ઉપર લાવેલ નથી.ઉપરોકત સંજોગોમાં વાદીઓ ધ્વારા હાલના કામે રજુ દસ્તાવેજી આઘાર પુરાવાઓ ઘ્યાને લેતા તેઓ વાદગ્રસ્ત મિલકતના સંયુકત માલીક હોવાનુ જણાતુ હોય **મુદ્દા નં.૧** નો જવાબ ''**હકારમાં**''આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ –</u>**

(૭) વાદીઓ ધ્વારા તેઓએ હાલની દાવાઅરજીમાં પ્રતિવાદી નં.૧ ભીખીબેન ખુશાલભાઈ પ્રજાપતિના દિકરા તથા પ્રતિવાદી નં.ર ભરતભાઈ ખુશાલભાઈ પ્રજાપતિ ના ભાઈ નરેશભાઈ ખુશાલભાઈ પ્રજાપતિના વારસ હોવાનુ જણાવી વાદગ્રસ્ત મિલકતમાં તેઓનો ૧/૩ હિસ્સો આવેલ હોવાનું જણાવેલ છે.ઉપર મુદ્દા નં.૧ માં ચર્ચા કરી તે અનુસાર વાદગ્રસ્ત મિલકતમાં ગુજરનાર નરેશભાઈ ખુશાલભાઈ પ્રજાપતિ ના સીધી લીટીના વારસ તરીકે વાદી નં.૧ તથા ર તેઓનો કાયદેસરનો હકક હિસ્સો ઘરાવતા હોય તેમ સ્પષ્ટ રીતે જણાય આવે છે.વઘુમાં વાદગ્રસ્ત ખેતીની જમીનોમાં પ્રતિવાદી નં.ર તથા વાદી નં.૧ તથા ર ના નામો સંયુકત રીતે રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ હોય તેમ પણ ખાતા નં.ર૫૧ નુ રેવન્યુ રેકર્ડ ઘ્યાને લેતાં જણાય આવે છે.વઘુમાં હાલના કામે આંક–૩૮ થી રજુ ગામ નમુના નં.૬ હકકપત્રક ઘ્યાને લેતાં તેમાં પણ સર્વે નં.૫જ ના ઉત્તર તરફના ભાગમાં વાદી નં.૧,ર તથા દક્ષિણ તરફના ભાગમાં પ્રતિવાદી નં.ર નુ નામ ચાલી રહેલ હોય તથા સર્વે નં.૬૮ માં પ્રતિવાદી નં.૧ નુ નામ ઘરમેળે સમજુતીથી દાખલ થયેલ હોય તેવુ સ્પષ્ટ રીતે જણાય આવે છે.પ્રતિવાદી ધ્વારા તેમના લેખિત જવાબમાં વાદીઓનો ૧/૩ હિસ્સો આવેલ હોવા અંગે કોઈ તકરાર લીઘેલ નથી.ઉપરોકત સંજોગોમાં વાદીઓ ગુજરનાર તેમના પિતાના કાયદેસરના વારસદાર હોય તેમજ રેવન્યુ રેકર્ડે પણ તે અંગે નોંઘ થયેલ હોય તે સંજોગો ઘ્યાને લેતાં વાદીઓ વાદગ્રસ્ત મિલકતમાં ૧/૩ હિસ્સો ઘરાવતા હોવાનું દર્શાવી શકેલ હોય **મુદ્દા નં.ર** નો જવાબ''**હકારમાં**'' આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. 3 –</u>**

(૮) હાલના દાવાના કામે પ્રતિવાદી ધ્વારા તેમના આંક–૧૧ થી રજુ લેખિત જવાબમાં હાલનો દાવો વાદી નં.૧ તથા ર ના વાલી તથા ઈષ્ટમિત્ર તરીકે વિનોદભાઈ

ચંદુભાઈ પ્રજાપતિ કે જેઓ વાદીઓના મામા થાય છે.તેઓએ દાખલ કરેલ હોય તે સંજોગોમાં વિનોદભાઈ ચંદુભાઈ પ્રજાપતિનાઓ ધ્વારા તેઓ વાદી નં.૧,૨ ના વાલી તથા ઈષ્ટમિત્ર હોવા અંગે કોઈ રેકર્ડ કે સક્ષમ અદાલતનો હુકમ રજુ કરેલ નથી તેમજ હિન્દુ વારસા ધારા મુજબ મામા એ સીધી લીટીના વારસદારના કોલમમાં આવતા ન હોય હાલનો દાવો ચાલવા પાત્ર ન હોવાનુ અને પ્રથમ તબકકે રદ થવાને પાત્ર હોવાનુ જણાવેલ છે.હાલના કામે એ બાબત સ્પષ્ટ છે કે, હાલનો દાવો વાદીના મામા વિનોદભાઈ ચંદુભાઈ પ્રજાપતિનાઓ ધ્વારા સગીર વાદી નં.૧ તથા ૨ ના વાલી તથા ઈષ્ટમિત્ર તરીકે દાખલ કરેલ છે તથા તેઓએ પ્રતિવાદી ધ્વારા તેમની કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ એ બાબત કબુલ રાખેલ છે કે,તેઓએ સગીરના વાલી તથા ઈષ્ટમિત્ર હોવા અંગે કોર્ટમાંથી કોઈ હુકમનામું મેળવેલ નથી.હાલના દાવાના કામે પ્રતિવાદી ધ્વારા તે અંગે તેમના લેખિત જવાબમાં કથન કર્યા સિવાય અન્ય કોઈ અલગથી દાવો રદ કરવા અંગે અરજી રજુ રાખેલ હોય કે દાદ માંગેલ હોય તેમ જણાય આવતુ નથી.વધુમાં હાલના કામે કેસ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો,સગીર વાદી નં.૧ તથા ૨ પુખ્ત વયના થયેલ તે બાદ તે મુજબનો સુધારો કરવા આંક–૬૪ થી વાદીના વિ.વ.શ્રીએ અરજી રજુ રાખેલ છે.જેમાં વાદીઓ પુખ્ત વયના થયેલ હોય દાવાના ટાઈટલમાં તે મુજબનો સુધારો કરવા તથા વાદી નં.૧ તથા ૨ ના કુલમુખત્યાર તરીકે વિનોદભાઈ ચંદુભાઈ પ્રજાપતિ તે મુજબનો સુધારો કરવા દાદ માંગેલ છે.સદર અરજી લગત પ્રતિવાદીના વિ.વ.શ્રી ધ્વારા અરજી મંજુર કરવા સામે તેઓને વાંધો ન હોવા મતલબનો શેરો અરજી લગત કરેલ છે અને તે મુજબ તે અરજી મંજુર થયેલ હોય તે બાદથી હાલનો દાવો વાદી નં.૧,૨ ના કુલમુખત્યાર તરીકે વિનોદભાઈ ચંદુભાઈ પ્રજાપતિ નાઓ ધ્વારા આગળ ચલાવવામાં આવેલ છે.આમ પ્રતિવાદી ધ્વારા હાલની આંક–૬૪ ની અરજી મંજુર કરવા સામે કોઈ વાંધો લીધેલ નથી અને અગાઉ પણ હાલનો દાવો સગીર વાદીઓના વાલી તરીકે તેમના મામા ચલાવી શકે નહી કે દાવો ચાલવા પાત્ર નથી તે અંગે કોઈ અલગથી તકરાર ઉઠાવેલ નથી.આમ હાલના સંજોગોમાં દાવો વાદી નં.૧,૨ ના કુલમુખત્યાર તરીકે વિનોદભાઈ ચંદુભાઈ પ્રજાપતિ નાઓ ચલાવી રહેલ છે તે બાબત સ્પષ્ટ રીતે જણાય આવે છે અને તે અંગેનુ પાવર

ઓફ એટર્ની યાને કુલમુખત્યારનામુ આંક–૬૫/૩ તથા ૬૫/૪ થી હાલના કામે રજુ છે.આમ હાલનો દાવો વાદીઓ પુખ્ત થયા બાદ કુલમુખત્યાર તરીકે વિનોદભાઈ ચંદુભાઈ પ્રજાપતિ નાઓ ચલાવી રહેલ હોય તથા પ્રતિવાદી ધ્વારા અગાઉ કે ત્યારબાદ કોઈ અલગથી કોઈ તકરાર ઉઠાવેલ હોય તેમ જણાઈ આવતુ ન હોય તે સંજોગોમાં વાદીનો હાલનો દાવો ચાલવાપાત્ર ન હોવાનુ પ્રતિવાદી સ્પષ્ટ રીતે દર્શાવી શકેલ ન હોય **મુદ્દા નં.૩** નો જવાબ **''નકારમાં''** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૪ –</u>**

(૯) હાલના દાવામાં વાદી ધ્વારા માંગવામાં આવેલ દાદ વિશે જોવામાં આવે તો તેઓ ધ્વારા પ્રથમ દાદ એમ માંગેલ છે કે,વાદગ્રસ્ત મિલકત સંયુકત એકત્ર કુટુંબની વણવહેંચાયેલી છે અને વહેચણ અંગે થયેલ તમામ કાર્યવાહી ગેરકાયદેસર છે અને વાદી તેના ૧/૩ હિસ્સાના કાયદેસર માલીક છે તેવી જાહેરાત મેળવવા તથા પ્રતિવાદીઓએ કરેલ તા.૩૦/૧૦/૨૦૧૪ નો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નિરર્થક અને રદબાતલ છે તેમ ઠરાવવા અંગે દાદ માંગેલ છે.ઉપરોકત સંજોગોમાં વાદગ્રસ્ત જે મિલકત દર્શાવેલ છે તેની ઉપર મુદ્દા નં.૧ તથા ૨ માં ચર્ચા કરવામાં આવેલ છે તે મુજબ વાદીઓ તેના સંયુકત માલીક હોવાનુ તથા તેઓનો ૧/૩ હિસ્સો હોવાનું ઠરાવવામાં આવેલ છે.વધુમાં વાદીઓ ધ્વારા જે તા.૩૦/૧૦/૨૦૧૪ નો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદબાતલ હોવા અંગે દાદ માંગેલ છે તે અંગે જોવામાં આવે તો સદર વેચાણ દસ્તાવેજની નકલ હાલના કામે આંક–૩૯ થી રજુ રાખવામાં આવેલ છે જે વંચાણે લેતા તેમાં મોજે કેલ્વીકુવા ગામના બ્લોક નં.૬૮ જેનુ ક્ષેત્રફળ ૧–૦૦–૦૦ વાળી જમીન હાલના દાવાના પ્રતિવાદી નં.૧ ભીખીબેન તે ખુશાલભાઈ પરસોતમભાઈની વિધવાનાઓએ હાલના દાવાના પ્રતિવાદી નં.૩ હાર્દિકસિંહ સુરેન્દ્રસિંહ વાંસદીયાને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ હોવાનું જણાય આવે છે.સદર બ્લોક નં.૬૮ વાળી જમીન હાલના કામે આંક–૩૮ થી રજુ ગામ નમુના નં.૬ હકકપત્રકનો ઉતારો ધ્યાને લેતા નોંધ નં.૧૧૯૯ તા.૦૮/૦૭/૨૦૧૪ નારોજ ઘરમેળે સમજુતીથી વહેચણ કરી પ્રતિવાદી નં.૧ ને આપેલ હોય અને તે મુજબ ભાગ પાડેલ હોવાનું જણાય આવે છે.હાલના કામે વાદી

ધ્વારા એમ તકરાર લીધેલ છે કે,તેઓ સગીર વયના હતા તે દરમ્યાન તેમના કાકા ભરતભાઈ ખુશાલભાઈ પ્રજાપતિનાઓ ધ્વારા ગેરકાયદેસરની કાર્યવાહી રેવન્યુ અધિકારીઓ સાથે મેળાપીપણુ કરી ખોટી રીતે તેઓના વાલી બની ગયેલ છે અને તેમની માતા હયાત હોવા છતાં તેઓએ કોઈ પણ કાયદેસરની કાર્યવાહી કર્યા વિના તેઓનુ નામ નોંધ નંબર-૧૧૭૭ તા.૧૦/૦૩/૨૦૧૪ નારોજ દાખલ કરાવી દીધેલ છે.સદર બાબત અંગે જોવામાં આવે તો વાદી નં.૧ તથા ૨ નાઓ સગીર વયના હતા તે દરમ્યાન તેમના માતા પિતાના છુટાછેડા થયેલ જે બાદ તેમની માતા ચેતનાબેન બીજા લગ્ન કરી વિદેશમાં સ્થાયી થયેલ તથા વાદી નં.૧,૨ ના પિતા પણ મરણ પામેલ.આમ વાદીઓના પિતા મરણ પામેલ હોય તથા તેમની માતાએ બીજા લગ્ન કરી વિદેશમાં સ્થાયી થયેલ હોય તથા તેઓ વાદીઓના ગુજરનાર પિતાના વિધવા તરીકે રહેલ હોય તેમ જણાય આવતુ ન હોય તે સંજોગોમાં સગીર વાદીઓના કાકા ધ્વારા તેમનુ નામ વાલી તરીકે દાખલ કરાવી રેવન્યુ રેકર્ડમાં તે મુજબની નોંધ કરાવેલ છે ત્યારે તે નોંધ ખોટી તથા ગેરકાયદેસર રીતે પડાવેલ હોય તેમ જણાઈ આવતુ નથી.વધુમાં વાદી નં.૧ તથા ૨ ને વાદગ્રસ્ત મિલકતમાંથી કોઈ હિસ્સો આપેલ ન હોય તેમ પણ રેકર્ડ ધ્યાને લેતા જણાય આવતુ નથી.જે વેચાણ દસ્તાવેજની વાદીઓ ધ્વારા રદ કરવા અંગે દાદ માંગેલ છે તે જમીન પ્રતિવાદી નં.૧ ના ફાળે ઘરમેળે સમજુતીથી ગયેલ છે અને તે સમજુતીના આધારે વાદીઓને પણ રેવન્યુ સર્વે નંબર-૫૪ જેનુ ક્ષેત્રફળ ૦૧-૦૯-૦૦ હે.આ.ચો.મી.છે તે ઉત્તર દિશા તરફનો ભાગ આપવામાં આવેલ છે તથા તે જ સર્વે નંબરનો તેટલા જ ક્ષેત્રફળનો દક્ષિણ દિશા તરફનો ભાગ પ્રતિવાદી નં.૨ ભરતભાઈ ખુશાલભાઈના ફાળે ગયેલ છે અને સર્વે નં.૬૮ કે જેનુ ક્ષેત્રફળ ૦૧-૦૦-૦૦ હે.આર.ચો.મી.છે તે પ્રતિવાદી નં.૧ ના ફાળે ગયેલ છે.જેની નોંધ નં.૧૧૯૯ રેવન્યુ રેકર્ડે પાડવામાં આવેલ છે અને તે અંગે ગામ નમુના નં.૬ હકકપત્રક આંક-૩૮ થી આ કામે રજુ છે.આમ વાદગ્રસ્ત જમીન વાદી નં.૧,૨ તથા પ્રતિવાદી નં.૧ તથા ૨ ના ફાળે વહેચણથી ગયેલ છે અને પ્રતિવાદી નં.૧ નાએ તેમના હિસ્સે ઓછી જમીન લીધેલ હોય તેવુ પણ સ્પષ્ટ રીતે જણાય આવે છે.વાદી ધ્વારા પ્રતિવાદી નં.૨ નાઓ ખોટી રીતે તેમજ રેવન્યુ

અધિકારીઓ સાથે મેળાપીપણું કરી ખોટી રીતે તેમના વાલી બની ગયેલ હોવાનુ જણાવેલ છે પરંતુ જયારે વાદીઓના પિતા હયાત ન હોય,માતાએ બીજા લગ્ન કરી વિધવા તરીકે ન રહી વિદેશમાં સ્થાયી થયેલ હોય,તે સંજોગોમાં કુટુંબના પુખ્ત ઉંમરના પુરુષ સભ્ય તરીકે વાદીઓના કાકા રહેલ હોય અને તેઓ વાદીઓના વાલી બની મિલકતની વહેંચણી કરેલ હોય ત્યારે તેમાં કોઈ ગેરકાયદેસરની પ્રક્રિયા થયેલ હોય કે રેવન્યુ અધિકારીઓ જોડે કોઈ મેળાપીપણું કરી ખોટી કાર્યવાહી કરેલ હોય તેમ જણાઈ આવતુ નથી.ઉપર ચર્ચા કરી તે અનુસાર તા.૩૦/૧૦/૨૦૧૪ નો જે વેચાણ દસ્તાવેજ થયેલ છે તે પ્રતિવાદી નં.૧ નાઓએ તેઓના ભાગે આવેલ તથા તેમની માલીકીની બ્લોક નં.૬૮ વાળી જમીનનુ વેચાણ કરેલ તે અંગેનો છે.આમ પ્રતિવાદી નં.૧ નાએ પોતાની માલીકીની જમીનનુ પોતાની મરજીથી વેચાણ કરેલ છે ત્યારે તેવુ વેચાણ તથા તે અંગેનો વેચાણ દસ્તાવેજ નિરર્થક છે તેમ માની રદબાતલ ઠરાવી શકાય નહી.

વાદી ધ્વારા અન્ય જે દાદ વાદગ્રસ્ત મીલકતની સરસ–નરસ વહેચણ કરાવી તેમાંથી તેઓનો ૧/૩ હિસ્સો અલગ કરી પ્રત્યક્ષ કબજો સુપ્રત કરી આપે તે અંગે જોવામાં આવે તો વાદગ્રસ્ત મીલકતમાં વાદીઓ વારસાઈ હકકે ૧/૩ હિસ્સો ધરાવે છે તે બાબત સ્પષ્ટ બને છે.વધુમાં વાદીઓના ભાગે સર્વે નંબર–૫૪ ની ઉત્તર દિશા તરફની ૦૧–૦૯–૦૦ હે.ચો.મી.જમીન આવેલ હોય અને તે મુજબની રેવન્યુ રેકર્ડે પણ નોંધ થયેલ હોય તેમ સ્પષ્ટ જણાય આવે છે.વધુમાં મોજે કેલ્વીકુવા મુકામે મકાન નં.૪૭ જે આવેલ છે જેમાં પ્રજાપતિ ભરતભાઈ ખુશાલભાઈ (ભીખીબેન)નાઓનુ નામ ચાલી રહેલ છે.તે મકાનમાં પણ વાદીઓ વારસાઈ હકકે ૧ /૩ હિસ્સો મેળવવા હકકદાર હોવાનું જણાય આવે છે.ઉપરોકત સંજોગોમાં ખેતીની જમીનમાં વાદીઓનો હીસ્સો અલગ થઈ ગયેલ હોય તેમ જણાય આવે છે.પરંતુ મકાનમાં વાદીઓનો કોઈ હિસ્સો અલગ પાડેલ હોય તેમ જણાય આવતુ નથી.ઉપરોકત સંજોગોમાં દાવાવાળી પેરા–(૨)માં જણાવેલ મિલકતો પૈકી કેલ્વીકુવા ગ્રામ પંચાયત હદમાં આવેલ અનુક્રમ નં.૪૭ વાળુ મકાન તથા તે તળેની જગ્યામાં વાદીઓનો ૧/૩ હિસ્સો હોવાનુ માની રેવન્યુ સર્વે નંબર–૫૪ નો ઉત્તર દિશા તરફનો

ભાગ જેનુ ક્ષેત્રફળ ૦૧–૦૯–૦૦ હે.આ.ચો.મી.તથા અનુક્રમ નં.૪૭ વાળા મકાનમાંથી વાદી નં.૧ તથા ૨ ને ત્રીજો હિસ્સો અલગ કરી સુપ્રત કરવો તેવો હુકમ કરવો યોગ્ય જણાય આવે છે.

વાદી ધ્વારા હાલના દાવામાં મિલકતનો કબજો મળતા સુધીની દરમ્યાન ઉપજ મેળવવા અંગેની જે દાદ માંગવામાં આવેલ છે તે અંગે જોવામાં આવે તો વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે ખેતીની જમીનની વહેંચણ કરવામાં આવેલ હોય અને તે અંગે રેવન્યુ રેકર્ડે નોંધ પણ પડેલ હોય તથા આ વહેચણની વાદીઓ ધ્વારા રેવન્યુ ઓથોરીટી સમક્ષ પડકારવામાં આવેલ હોય તેવુ રેકર્ડ જોતાં જણાઈ આવતુ નથી.ખેતીની જમીન રેવન્યુ સર્વે નં.પ૪ ના ઉત્તર તથા દક્ષિણ એમ બે ભાગ પાડવામાં આવેલ છે જેમાં ઉત્તર તરફની જમીન વાદીઓને ફાળે તથા દક્ષિણ તરફની જમીન પ્રતિવાદી નં.૨ ના ફાળે ગયેલ હોય તેમ જણાય આવે છે.તે મુજબ રેવન્યુ રેકર્ડમાં નોંધ પણ પાડવામાં આવેલ છે.ઉપરોકત ખેતીની જમીનમાંથી કેટલી ઉપજ પ્રાપ્ત થાય છે તે અંગેનો કોઈ આધાર પુરાવો વાદી ધ્વારા હાલના કામે રજુ રાખવામાં આવેલ નથી તેમજ વાદીના કુલમુખત્યાર વિનોદભાઈ ચંદુભાઈ પ્રજાપતિનાઓ તેમની ઉલટ તપાસમાં એ બાબતનો સ્વીકાર કરે છે કે,તેઓના બહેનના દીકરાઓએટલે કે, વાદી નં.૧,૨ ના ભાગની જમીન હાલમાં પણ પડતર છે.આમ તે જમીન પડતર પડી રહેલ હોવાનુ તેઓ પોતે સ્વીકારતા હોય ત્યારે પ્રતિવાદી ધ્વારા તે જમીનમાંથી કોઈ ઉપજ મેળવેલ હોય તેમ જણાય આવતુ નથી.તે સંજોગોમાં દરમ્યાન ઉપજ અંગેની દાદ મંજુર કરવી ન્યાયોચિત જણાતી નથી.

વાદી ધ્વારા તેમની અન્ય દાદ એ મુજબની છે કે,દાવાવાળી મીલકત પ્રતિવાદી ઓ કોઈને કોઈપણ પ્રકારે વેચાણ,સાટાખત,ગીરો,બક્ષીશ કે અન્ય રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો મનાઈ હુકમ મેળવવા અંગેની માંગેલ છે.જે અંગે અગાઉ ઉપર ચર્ચા કરી તે મુજબ વાદીઓને ખેતીની જમીન રેવન્યુ સર્વે નંબર–પ૪ નો ઉત્તર દિશા તરફનો ભાગ જેનુ ક્ષેત્રફળ ૦૧–૦૯–૦૦ હે.આ.ચો.મી.તથા પ્રતિવાદી નં.૨ ના ભાગે પણ દક્ષિણ દિશા તરફનો ભાગ જેનુ ક્ષેત્રફળ ૦૧–૦૯–૦૦ હે.આર.ચો.મી.આવેલ છે.જે અંગે રેવન્યુ રેકર્ડમાં પણ તે મુજબની નોંધ પડેલ છે.ઉપરોકત સંજોગોમાં ખેતીની

જમીનમાંથી વાદીઓનો હિસ્સો અલગ કરેલ હોય તથા તેઓના નામે તે ભાગની જમીન ચાલી રહેલ હોવાનુ જણાતુ હોય ત્યારે વાદી નં.૧,૨ ના હીસ્સે આવેલ ઉપરોકત ખેતીની જમીન અંગે મનાઈ હુકમ આપવો ન્યાયોચિત જણાય આવે છે તથા અનુક્રમ નં.૪૭ વાળુ કેલ્વીકુવા મુકામે આવેલ મકાન તથા તે તળેની જગ્યાનો વાદીઓને કોઈ હિસ્સો આપેલ હોય કે તેઓના નામ સંયુકત માલીક તથા હીસ્સેદાર તરીકે તે મકાનમાં ચાલી રહેલ હોય તેમ જણાઈ આવતુ નથી.જેથી વાદીઓનો તે મકાનમાં વારસાઈ હકકે હકક તથા અધિકાર રહેલ હોય તે સંજોગોમાં સદર મકાન પ્રતિવાદીઓ અન્ય કોઈને વેચાણ,ગીરો,બક્ષીશ,સાટાખત કે અન્ય રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તે અંગે મનાઈ હુકમ આપવો યોગ્ય જણાય આવે છે.કારણ કે,જો તે મકાન અંગે મનાઈ હુકમ આપવામાં ન આવે અને પ્રતિવાદી નં.૧ તથા ૨ નાઓ ધ્વારા તે મકાન કોઈપણ રીતે અન્ય કોઈ ત્રાહીત વ્યકિતને ટ્રાન્સફર કરી દે તો તેનાથી વાદીઓને તેમના મીલકત પરત્વેના હકકો અંગે વંચીત થવુ પડે તેમજ ભવિષ્યમાં અન્ય કાયદાકીય ગુંચવણ ઉભી થાય અને તેનાથી વાદીને ઘણું નુકશાન સહન કરવુ પડે તેમ જણાય આવે છે.આમ ઉપર ચર્ચા કરી તે અનુસાર વાદી ધ્વારા તેમના હાલના દાવામાં જે તમામ દાદ માંગવામાં આવેલ છે તે તમામ દાદ મંજુર કરવી ન્યાયોચિત જણાતી ન હોય **મુદ્દા નં.૪** નો જવાબ ''**અંશત: હકારમાં**'' આપી **મુદ્દા નં.૫** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

૧. વાદીનો હાલનો દાવો આથી **અંશત: મંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. વાદી નં. ૧ તથા ૨ નાઓ દાવાવાળી મીલકતના ૧/૩ હિસ્સાના કાયદેસર માલીક છે તેવુ આથી ઠરાવવામાં આવે છે.

૩. વાદગ્રસ્ત મીલકત પૈકી મોજે કેલ્વીકુવા મુકામે આવેલ અનુક્રમ નં.૪૭ વાળા મકાનમાંથી ૧/૩ હિસ્સો અલગ કરી વાદી નં.૧ તથા ૨ ને સુપ્રત કરવો તેવો હુકમ વાદીઓની તરફેણમાં તથા પ્રતિવાદીઓની વિરૂઘ્ધમાં આથી ફરમાવવામાં આવે છે.

૪. વાદીની દરમ્યાન ઉપજ મેળવવાની દાદ આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. દાવાવાળી મીલકત પૈકી મોજે કેલ્વીકુવા મુકામે આવેલ બ્લોક/સર્વે નંબર–૫૪ વાળી મીલકત પૈકી ઉત્તર દિશા તરફની જમીન કે જેનુ ક્ષેત્રફળ ૧–૦૯–૦૦ હે.આ.ચો.મી. આવેલ છે તે જમીન તથા મોજે કેલ્વીકુવા મુકામે આવેલ અનુંક્રમ નં.૪૭ વાળું મકાન પ્રતિવાદીઓએ અન્ય કોઈને કોઈપણ પ્રકારે વેચાણ, સાટાખત, ગીરો, બક્ષીશ કે અન્ય રીતે ટ્રાન્સફર કરવું કે કરાવવું નહી તેવો જાથુનો મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરૂધ્ધ આથી ફરમાવવામાં આવે છે.

૬. પક્ષકારોએ પોતે પોતાનો ખર્ચ ભોગવવો.

૭. હુકમ મુજબ હુકમનામું દોરવું.

ચુકાદો આજ તા.૧૮ મી એપ્રિલ,સને ૨૦૨૫ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી,મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળઃ–નેત્રંગ
તા.૧૮/૦૪/૨૦૨૫
R.D.S.

**(નિલયકુમાર પિયુષકાંત પટેલ)**
પ્રિન્સીપાલ સિવિલ જજ,નેત્રંગ
જી.જે.૦૧૨૬૮